
### માલપુર પોલીસે દારૂ સાથે ઝડપેલ વેપારીને

# ખોટી રીતે હેરાન કરવાના મુદ્દે માલપુર સજ્જડ બંધ





અરવલ્લી જીલ્લાના માલપુર ગામમાં સોનીના વેપાર સાથે સંકળાયેલ પ્રકાશ નટવરલાલ સોની નામનો વેપારી ૨૫ માર્ચના રોજ ઘર નજીકથી સ્કૂટરમાં દેશી-વિદેશી દારૂ સાથે માલપુર પોલીસે ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી મોડાસા સબજેલમાં ધકેલી દેતા ગામમાં સમગ્ર ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડતા અને પોલીસ માલપુરના વેપારીઓને ખોટી રીતે હેરાન કરતી હોવાના અને રાજકીય કિન્નાખોરીના આક્ષેપ સાથે શનિવારે વેપારી સામે નોંધાયેલ પ્રોહિબિશન અને લૂંટના ખોટી રીતે કરાયેલ પોલીસ કેસ પાછા ખેંચી લેવાની સાથે વેપારીની તાત્કાલિક મુક્તિની માંગ કરી સજ્જડ બંધ પાળી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. માલપુર ગામમાં સજ્જડ બંધન પગલે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેમાટે મોટી સંખ્યામાં પોલીસ કાફલો ચુસ્ત બંદોબસ્તમાં ગોઠવી દેવામાં આવ્યો હતો.

માલપુર ગામે તા-૨૫મી માર્ચના રોજ માલપુરના રહીશ અને રત્ન કલાકાર પ્રકાશ સોની સામે પ્રોહીબિશનના ગુન્હાનો કેસ કરી અટકાયત કરી હતી અને એ કેસમાં જમીન મળ્યા બાદ તરત જ લૂંટ ધાડનો કેસ કરી જેલ હવાલે કર્યો છે. જેના વિરોધમાં શનિવારે વેપારીઓએ માલપુરના નાના મોટા વેપાર ધંધા બંધ રાખી સજ્જડ વિરોધ નોંધાવ્યો હતો. બંધમાં જોડાયેલા વેપારીઓ અને ગ્રામજનોના જણાવ્યા અનુસાર માલપુરના પ્રતિષ્ઠિત વેપારી પ્રકાશ સોની પર કોઈ રાજકીય કિન્નાખોરી રાખી ખોટી રીતે કેસ કરવામા આવ્યો છે તેમજ દારૂના કેસમાં જામીન મળ્યા બાદ તરત લૂંટના કેસમાં પણ ખોટી રીતે ફસાવવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે પોલીસતંત્રની વેપારીઓની થતી ખોટી કનડગતથી કંટાળી શનિવારે માલપુર ગામના તમામ નાના-મોટા વેપારીઓના સંપૂર્ણ બજારો સજ્જડ બંધ રાખી સોની વેપારી પ્રકાશ સોનીને મુક્ત કરવાની માગ કરી હતી અને જો મુક્ત કરવામાં ના આવે તો આગામી દિવસોમાં ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ વેપારીઓ તથા ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી હતી. માલપુર બંધના એલાનને બાયડ-માલપુરના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ પણ સમર્થન જાહેર કરતા કેટલાક લોકો ધારાસભ્યએ રાજકીય લાભ ખાટવા બંધના એલાનને ટેકો જાહેર કર્યો હોવાની ચર્ચા સાથે માલપુર પોલીસે પ્રોહિબિશન અને લૂંટના ગુન્હામાં ઝડપેલ પ્રકાશ સોની નામનો વેપારી તેમનો ખાસ માણસ હોવાની ચર્ચા કરતા હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી જાણકારી પ્રાપ્ત થઈ હતી.

# હિંમતનગરમાં ધોળેદહાડે સોનાના દોરા લૂંટનાર શખ્સ પકડાયો

હિંમતનગર, તા. ૩૧

હિંમતનગર સહિત જિલ્લાના અનેક ઠેકાણે બાઈક પર આવી અજાણ્યા શખ્સો મહિલાઓના ગળામાંથી સોનાના દાગીનાની લૂંટ કરતા હોવાની ફરીયાદો સ્થાનિક પોલીસ સ્ટેશનોમાં નોંધાઈ હતી. દરમ્યાન ચારેક દિવસ અગાઉ હિંમતનગરના ટાવર રોડ પરથી બે બાઈક સવારોએ એક મહિલાના ગળામાંથી ધોળે દહાડે લૂંટ કરી પોલીસને પડકાર ફેંક્યો હતો. ત્યારબાદ બી-ડીવીઝન પોલીસે બાતમીને આધારે શુક્રવારે સોનાના દોરા લૂંટનાર એક શખ્સને ઝડપી લઈ તેની પુછપરછ કરતા તેમાં તેનો એક સાથીદાર સામેલ હોવાનું કબુલ્યુ હતુ. જો કે તેનો સાથીદાર પકડાયો નથી છતાં આ બંને જણાએ અગાઉ પણ સોનાના દોરાની લૂંટ કરી હોવાની ચાર ફરીયાદ નોંધાઈ છે. જોકે ધોળે દહાડે બનેલી આ ઘટના સીસી ટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

આ અંગે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.યુ. ગઢુરીયા તથા એસ.એન. પરમારના જણાવ્યા મુજબ ગત તા. ૨૭ માર્ચ ૨૦૧૮ના રોજ બપોરના સુમારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશન તથા જુના સર્કીટહાઉસ નજીકથી પસાર થઈ રહેલ એક મહિલાના ગળામાંથી બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ સોનાના દોરાની લૂંટ કરી ભાગી ગયા હતા. જે અંગે લૂંટનો ભોગ બનનાર મહિલાએ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ત્યારબાદ પોલીસે જિલ્લામાં બની રહેલી ચેઈન સ્નેચીંગની ઘટનાઓને ગંભીરતાથી લઈને જિલ્લા પોલીસવડાએ લૂંટના ગુનાના ભેદ ઉકેલવા માટે એલસીબી, એસઓજી અને બી-ડીવીઝન પોલીસની ત્રણ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ સીસી ટીવી ફૂટેજ તથા બાતમીને આધારે તપાસ કરીને હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ આદર્શ બંગ્લોઝમાં રહેતા રાહુલકુમાર ઉર્ફે આરીફ આન્દ્રીયાસ સુરમાજી અસારી તથા મોડાસા તાલુકાના ટીંટોઈ ગામના ભાવેશ ચંદુભાઈ ગામેતી પર નજર રાખી તેમની ચહલપહલનું નિરીક્ષણ કરવામાં આવતું હતું. દરમ્યાન તપાસ ટીમોના તારણને આધારે બી-ડીવીઝન પોલીસે શુક્રવારે રાહુલકુમાર અસારીની અટકાયત કરી પુછપરછ કરી હતી. જેમાં રાહુલે જણાવ્યુ હતુ કે પોતાના બાઈક નં. જીજે.૦૯.સીટી. ૯૦૭૧ પર ભાવેશ ગામેતીને સાથે લઈને સોનાના દોરાની લૂંટ કરવા જતા હતા. જેમાં રાહુલ બાઈક ચલાવતો હતો જ્યારે ભાવેશ મહિલાના ગળામાંથી સોનાના દાગીના લૂંટી લેતો હતો અને તેને વેચી દઈને તેઓ મોજશોખ કરતા હોવાનું પોલીસની પુછપરછ દરમ્યાન ખબુલ્યુ હતુ.

## કોટડાગઢીમાં ઘઉંની ચોરી

હિંમતનગર, તા. ૩૧

પોશીના તાલુકાના કોટડાગઢી ગામના પાંચ શખ્સોએ ભેગા મળી ગુરૂવારે એક ઈસમના ખેતરમાં ગેરકાયદે પ્રવેશ કરી રૂ. ૨૫ હજારની કિંમતના ઘઉંની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ શુક્રવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. કોટડાગઢી ગામના કુરબાનહુસેન બદરૂદ્દીન સિપાઈએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તા. ૨૮ માર્ચના રોજ ગામના જ ભુતાભાઈ ભગાભાઈ ગમાર, વાઘાભાઈ ખલીયાભાઈ ગમાર, ખલીયાભાઈ રૂપાભાઈ ગમાર, ફુલાભાઈ રૂપાભાઈ ગમાર અને લાધીયાભાઈ ખલીયાભાઈ ગમારે ગેરકાયદે મંડળી રચી કુરબાનહુસેનના ખેતરમાં પ્રવેશ કરી વાઢી કાપીને તૈયાર કરેલ રૂ. ૨૫ હજારની કિંમતના ઘઉંની ચોરી કરી ભાગી ગયા હતા.



મોડાસા માર્કેટયાર્ડની ચૂંટણીમાં તાજેતરમાં ડિટેક્ટર તરીકે ચૂંટાયેલા મોડાસા તાલુકા ખ.વે. સંઘના ચાર ડિરેક્ટરો પૈકી આજની સંઘની કારોબારીમાં ઉપસ્થિત ભગવાનદાસ પટેલ અને જેઠાભાઈ પટેલનું તાલુકા સંઘના ચેરમેન અરુણભાઈ પટેલ તેમજ ડિરેક્ટરો દ્વારા ફુલહારથી સ્વાગત કરાયું હતું અને શુભકામનાઓ પાઠવવામાં હતી.

## ખેડબ્રહ્મામાં લિંબચમાતાનો પાટોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા માં શુકવારના રોજ લીંબચમાતાનો ૧૬મો પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. પાટોત્સવ નિમિત્તે સવારે લીંબચ માતાની મહાપૂજા મહાપ્રસાદના દાતા તરીકે બાબસરના નાઈ ચંદુભાઈ શંકરભાઈ અને નાઈ ઈશ્વરભાઈ શંકરભાઈ પરિવારે લાભ લીધો હતો. ત્યાર બાદ માતાજીની શોભાયાત્રા મંદિરેથી નીકળી પેટ્રોલપંપ, લક્ષ્મીપુરા ચાર રસ્તા, માણેક ચોક, સરદાર ચોક થઈ પરત મંદિર પહોંચી હતી.

## પાલનપુરના વીજ ડીપી પર ચડેલા કપિરાજને વન વિભાગે નીચે ઉતાર્યા

પાલનપુરના કીર્તિસ્થંભ વિસ્તારમા વિચિત્ર ઘટના સામે આવી હતી. કૂતરું પાછળ પડતા ઘાયલ થયેલ કપિરાજ એક વીજ ડીપી પર ચડી ગયા હતા. વન વિભાગની મદદથી સહી સલામત નીચે ઉતારી સારવાર અર્થે ખસેડાયા હતા. પાલનપુરના કીર્તિસ્થંભ વિસ્તાર માં એક ઘાયલ કપિરાજ વીજ ડીપી પર ચડી ગયા હતા. જેની જીવદયા પ્રેમીઓને જાણ થતા તેઓએ વન વિભાગને જાણ કરી હતી. દરમિયાન વન વિભાગના અધિકારીઓએ દોડી આવી કપિરાજને વીજ ડીપી પરથી સહી સલામત નીચે ઉતારવા ગન વડે બેભાન કર્યા હતા. બાદમાં કપિરાજને નીચે ઉતારી સારવાર અર્થે બાલારામ ખસેડાયા હતા. પગલે લોકોના ટોળેટોળાં એકત્ર થયા હતા. જેઓએ જીવદયાપ્રેમીઓ સહિત વન વિભાગની કામગીરીને બિરદાવી હતી.

# પાલનપુર ખાતે હનુમાન જયંતિની દબદબાભેર ઉજવણી

પાલનપુર, તા. ૩૧

પાલનપુર ખાતે રામ ભક્ત હનુમાનજીની જન્મ જયંતિની ભારે દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુર શહેરના નવાબી કાળના કંથેરીયા



હનુમાન સહિતના હનુમાનજીના મંદિરોમાં આજે ભક્તિનું ઘોડાપુર ઉમટ્યું હતું.

કળિયુગના જાગ્રત દેવ તરીકે જાણીતા મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામ લલ્લાના પરમ ભકત હનુમાન દાદાની જન્મ જયંતિની આજે પાલનપુરમાં ભારે શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુરના નવાબ કાળના પ્રાચીન અને ચમત્કારીક ગણાતા કંથેરીયા હનુમાન મંદિર ખાતે આજે વહેલી સવારથી જ હનુમાન ભક્તોનો ભારે ધસારો રહ્યો હતો. કંથેરીયા હનુમાન મંદિર ખાતે મહા મારૂતિ યજ્ઞ સાથે હોમ-હવન અને ભજન સત્સંગના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં હનુમાનજીના ભક્તો સહિત સાધુ-સંતોએ પણ ઉપસ્થિત રહી ભોજન પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

આ ઉપરાંત શહેરના વાદીલા કાળા હનુમાન, રોકડીયા હનુમાન, બાલ દિશા હનુમાન, વડવાળા હનુમાન, હનુમાન ટેકરી સહિતના હનુમાનના મંદિરોમાં આજે દિવસભર શ્રદ્ધાળુઓની ભારે ભીડ સહિત પૂજા-અર્ચના સાથે પવન પુત્ર હનુમાનજી કી જયનો નાદ ગુંજી ઉઠ્યો હતો.

## ભારણ વધશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી તરફ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ અને મેડિકલ રિઈમ્બર્સમેન્ટ પાછા ખેંચી લેવાયા છે જે પણ રવિવારથી અમલી બની જશે. આવકવેરા મુકિતની મર્યાદામાં કોઈ ફેરફાર કરાયો નથી. માત્ર સિનિયર સિટિઝન માટે વ્યાજની આવક વાર્ષિક ૫૦,૦૦૦ રૂપિયા સુધી આવકવેરા મુકિતનો લાભ મળશે. એ જ રીતે હેલ્થ ઈન્સ્યોરન્સ અને મેડિકલ ખર્ચમાં ડિડકશન ૮૦-ડી હેઠળ ૩૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૫૦,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યું છે. .

નાણામંત્રી અરૂણ જેટલીએ પહેલી ફેબ્રુઆરીએ એનડીએ સરકારનું વર્તમાન ટર્મનું છેલ્લું બજેટ રજૂ કર્યું તેમાં ધનવાનો પર ૧૦-૧૫ ટકાનો સરચાર્જ યથાવત્ રાખ્યો છે અને બીજી તરફ તમામ ટેકસેબલ ઈક્મ(કરપાત્ર આવક) પર સેસ ત્રણ ટકાથી વધારીને ચાર ટકા કરી દીધો છે. આ તમામ દરખાસ્તોનો અમલ પણ રવિવારથી થઈ જશે.

૨૦૧૮-૧૯ના બજેટની મહત્ત્વની બાબત એ હતી કે ૧૪ વર્ષના લાંબા ગાળા પછી લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેકસ ફરી લાગુ કરાયો છે.

## ઓફર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાગલપુર હિંસામાં ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અશ્વિની ચૌબેના પુત્ર અર્જિત શાશ્વતને આરોપી બનાવવામાં આવ્યાં બાદ પણ તેમની ધરપકડ ન થતા વિપક્ષ સીએમ નીતિશકુમાર પર નિશાન સાંધી રહ્યો છે. વિધાનસભામાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવ સતત આક્રમક પ્રહારો કરી રહ્યાં છે કે રાજ્યના લો એન્ડ ઓર્ડર સીએમ નીતિશકુમારના હાથમાં હોવા છતાં તોફાનોના આરોપીઓ સામે કડકાઈ વર્તવામાં આવી રહી નથી. આરોપ છે કે સીએમ નીતિશકુમાર રાજકીય દબાણ હેઠળ ભાજપના આરોપી નેતાઓ સામે એક્શન લેતા ખચકાય છે.

## રાજકીય સન્માન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિભાગે કહ્યું કે કોઈપણ વ્યક્તિનો રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવાની પરવાનગી આપવાની સત્તા મુખ્યમંત્રી પાસે હોય છે. ઉલ્લેખનીય છે કે ૨૪ ફેબ્રુઆરીના રોજ દુબઈમાં શ્રીદેવીનું અવસાન થયું હતું. તેનું મોત દારૂ પીધા પછી બાથટબમાં ડૂબી જવાને કારણે થયું હતું. તેના મોત પર ઘણા દિવસો સુધી સસ્પેન્સ ચાલ્યું હતું. પહેલા એવા સમાચાર હતા તે તેનું નિધન કાર્ડિયાક અરેસ્ટથી થયું છે. પરંતુ પછી આ વાત ખોટી હોવાનું જણાવવામાં આવ્યું હતું.મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પ્રમુખ રાજ ઠાકરેએ કહ્યું હતું કે નીરવ મોદીના મામલાને દબાવવા માટે જાણીજોઈને શ્રીદેવીના મોતને આટલું મહત્વ આપવામાં આવ્યું.

## સુરક્ષા વધારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરહદ પર ચીનની વધતી આક્રમકતાને પહોંચી વળવા માટે પોતાની રણનીતિ અંતર્ગત દુરગામી પહાડી વિસ્તારોમાં પોતાની પકડ મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે જેમાં ૧૭૦૦૦ ફૂટથી વધુ ઉંચાઈ અને બરફથી ઢંકાયેલી પહાડોનો પણ સમાવેશ થાય છે. ચીનના તિબેટ વિસ્તારથી જોડાયેલ ભારતની સીમા પર રહેતા સુદુરપૂર્વ ગામના કિબિથુમાં તૈનાત સેનાના એક અધિકારીએ કે, ડોકલામ બાદ અમે પોતાની ગતિવિધિમાં વધારો કરી દીધો છે. અમે કોઈપણ પડકારને પહોંચી વળવા માટે સજ્જ છે. અધિકારીએ ઉમેર્યું હતું કે, સેના એલઆરપીમાં વધારો કરી રહી છે.જ્યાં સૈનિકો નાની ટોળકીઓમાં ૧૫-૩૦ દિવસ માટે પેટ્રોલિંગ કરવામાં આવશે. વાસ્તવિક નિયંત્રણ રેખા ભારત અને ચીન વચ્ચેની સીમા છે. ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ગયા વર્ષે ૧૬ જૂન બાદથી ડોકલામ વિસ્તારમાં ૭૩ દિવસો સુધી ગતિરોધ રહ્યો હતો.

## રઝળપાટ ● ચોથા પાનાનું ચાલું...

નો આરોપ અને દંડ લાગી ચુક્યા છે. તો આ જ આફ્રિકા સામે ૨૦૦૧ની સીરીઝમાં ગોડ સચિન પર 'બોલ ટેમ્પરિંગ' મામલે એક મેચનો પ્રતિબંધ લાગી ચુક્યો છે.

ખેર જેમ ગૌતમ ગંભીરે ટ્વીટ કર્યું કે 'મને સ્મિથ ચીટર નથી લાગતો પણ મેચ જીતવા માંગતો ડેસપ્રેટ લીડર લાગે છે , હા એણે જે રીત અપનાવી એ સંદેહાત્મક અને ખેલભાવનાથી વિપરીત કહીશકાય...' તો ગાંગુલીએ તો સ્પષ્ટ જ કહ્યું કે ' સ્મિથનું આ પગલું નર્યી મુર્ખામી જ કહેવાય ' તો માંજરેકરનું કહેવું છે કે આ થોડી વધુ કડક સજા કહેવાય કેમકે બોલ ટેમ્પરિંગ મેચ ફિક્સિંગ જેવો અપરાધ નથી. માંજરેકરનું લોજીક છે કે આફ્રિકન કેપ્ટન બે વાર બોલ ટેમ્પરિંગમાં ફસાયો અને બંને વાર દંડ સાથે છોડી મુકાયો. ખેર મુર્ખામી કહેવાય કે ફિક્સિંગ જેવો આરોપ કહેવાય કે જે કહેવાય તે પણ હકીકત એ છે કે સ્મિથ-વાર્નર-લેહમેન-બેન્ક્રોફટ ની આ હરકતે ઓસ્ટ્રેલીયન ક્રિકેટ અને ક્રિકેટરની આબરુને તળિયે લાવી દીધી છે, એક નિમ્નતમ સ્તર પર ક્રિકેટ ઓસ્ટ્રેલીયા પહોચી ગયું હોય એવું ઓસ્ટ્રેલીયા અને જગતભરના ક્રિકેટ ચાહકોને લાગી રહ્યું છે. ક્રિકેટની રમતને આમ પણ મેદાન બહારના પરિબળો ખુબ જ અસર કરતા હોય એવા બનાવો છેલ્લા વર્ષોમાં રમ્યા છે એટલામાં ક્રિકેટ ચાહકો એટલીસ્ટ એટલી તો આશા રાખી જ શકે કે ઓન ફિલ્ડ ખેલાડીઓ મૂળ ખેલભાવનાથી રમે...! બાકી આવી (જાણીજોઈને) મુર્ખામી કરતા ખેલાડીઓ માટે એકાદ વર્ષ નહિ પણ આજીવન પ્રતિબંધ જ હોવો જોઈએ તો જ ખબર પડે કે જેન્ટલમેન ગેમને ટેમ્પર કરવાથી શું પરિણામ મળે...!

## હાઉસ-ટુ-હાઉસ.... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવી વગેરે પ્રચાર-પ્રસારની કામગીરી હાથ ધરવામાં આવશે. ઉપરોક્ત કામગીરીને વધુ સઘન બનાવવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએથી મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર, ફીમેલ હેલ્થ સુપરવાઈઝર, આયુષ, તબીબી અધિકારી, તાલુકા કક્ષાએથી તાલુકા હેલ્થ સુપરવાઈઝર, તાલુકા હેલ્થ ઓફીસર તથા જિલ્લા કક્ષાના અધિકારીઓ દ્વારા પણ સુપરવીઝન હાથ ધરવામાં આવનાર છે. આ સંપૂર્ણ કામગીરી દરમ્યાન જિલ્લાની કુલ ૧૨,૮૭,૯૩૬ વસ્તી તથા આશરે ૨,૫૭,૫૮૮ ઘર આવરી લેવામાં આવનાર છે.

## લીક થયું જ નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી રહ્યો છે કે, હિન્દીનું પેપર લીક થઈ ચુક્યું છે. જો કે, સીબીએસઈને પ્રેસ રિલીઝ જારી કરીને કહ્યું છે કે, હિન્દી કો કોઈ પેપર લીક થયું નથી. બોર્ડ તરફથી જણાવવામાં આવ્યું છે કે, માહિતી મળી છે કે, હિન્દીનું પેપર ધોરણ ૧૨નું હોવાનું જણાવી તેને શેયર કરવામાં આવી રહ્યું છે. અમે ખુલાસો કરીએ છીએ કે આ પેપર અસલી નથી. જે પેપર સોશિયલ મિડિયામાં ફરી રહ્યું છે તે પેપર બનાવટી છે અથવા તો ગયા વર્ષનું પેપર છે.

## સુપ્રીમમાં અરજી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારબાદ ક્રાઈમ બ્રાંચમાં આ મામલા અંગે ૨૮મી માર્ચે ફરિયાદ કરવામાં આવી હતી. તપાસ જારી છે તે છતા પણ ફરીથી પરીક્ષા લેવાની જાહેરાત કરી દેવામાં આવી છે. જે સંવૈધાનિક અધિકારના ભંગ સમાન છે. અરજીમાં ફરીથી પરીક્ષા લેવાના નિર્ણયને રદ્દ કરવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે, હાલમાં થયેલી પરીક્ષાના આધારે જ પરીક્ષાની જાહેરાત થાય અને આ મામલે તપાસ સીબીઆઈને સોંપવામાં આવે. કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી પ્રકાશ જાવડેકરે સીબીએસઈ પેપર લીક થવાના મામલામાં ગઈકાલે પણ દુખની લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, તપાસ બાદ દોષિત દેખાવનાર વ્યક્તિઓની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. પ્રકાશ જાવડેકરે વિદ્યાર્થીઓ અને વાલીઓને ખાતરી આપતા ભવિષ્યમાં ।મામ પરીક્ષાઓ સંપૂર્ણપણે લીકપ્રુફ રહેશે. સીબીએસઈની ધો-૧૨ અને ધો-૧૦માં એક-એક પેપર ફરી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જાવડેકરે એમ પણ કહ્યું હતું કે, પેપર લીક કેસની પોલીસ તપાસ નિર્ણાયક તબક્કામાં પહોંચી ચુકી છે.